૧૭-૧૨-૨૦૨૨ પ્રાતઃમોરલી ઓમ્ શાંતિ "બાપદાદા" મધુબન

**"મીઠાં બાળકો - અહીંયા-ત્યાં બેસીને ફાલતુ વાતોમાં પોતાનો સમય વેસ્ટ (વ્યર્થ) નહીં કરો, બાપની યાદમાં રહો તો સમય આબાદ થઈ જશે"**

**પ્રશ્ન :-** બાપ નો શો (નામ) કયા બાળકો કરી શકે છે?

**ઉત્તર :-** જે બાપ સમાન સેવા કરે છે. જો દરેક કર્મ બાપ સમાન હોય તો ખૂબ મોટું ફળ મળી જશે. બાબા આપણને બાળકોને આપ સમાન બનાવવા માટે પુરુષાર્થ કરાવી રહ્યાં છે.

**પ્રશ્નઃ-** અંતર્મુખી કોને કહેવાશે? તમારી અંતર્મુખતા નિરાળી છે કેવી રીતે?

**ઉત્તરઃ-** સોલ કોન્શિયસ (આત્મ-અભિમાની) થઈને રહેવું જ અંતર્મુખી બનવું છે. અંદર જે આત્મા છે એણે બધુંજ બાપ થી જ સાંભળવાનું છે, એક બાપ સાથે જ બુદ્ધિયોગ રાખી ગુણવાન બનવાનું છે, આ જ છે નિરાળી અંતર્મુખતા.

**ગીત :-** ઓમ્ નમો શિવાય......

**ઓમ્ શાંતિ!** મીઠાં-મીઠાં સિકીલધા બાળકોએ આ ગીત સાંભળ્યું. બાપની મહિમા સાંભળી અને બાપની મહિમા નું ફળ પછી બાળકોને મળી રહ્યું છે. અને બાળકો પછી બાપ નો શો કરે છે. પરંતુ શો ત્યારે કરશે જ્યારે એમનાં જેવી સર્વિસ (સેવા) કરશે. તેઓ ફળ પણ ભારે મેળવશે. હવે આપ બાળકો પ્રેક્ટિકલ માં (ખરેખર) છો. ભગત ફક્ત ગાતા રહે છે. તમે જાણો છો બાપદાદા સંગમ પર અમારી સન્મુખ બેઠા છે. બાપ જરુર દાદા નાં તન થી જ બતાવશે. આ બાળકોને પાક્કો નિશ્ચય છે કે અમે પુરુષાર્થ કરી અવશ્ય બાપ સમાન બનીશું. બાપ પતિત-પાવન, જ્ઞાનસાગર છે. એનાંથી તમે પતિત-પાવની જ્ઞાન ગંગાઓ નીકળી છો. ગંગાઓ કેમ કહેવાય છે? કારણ કે તમે બધી સજનીઓ છો. બધાં ને હું જ્ઞાન ગંગા જ કહીશ. બાળકોને નશો ચઢે છે કે અમે શ્રીમત પર આખાં વિશ્વનાં મનુષ્ય માત્ર ને સુખ આપી શકીએ છીએ, જે બીજા કોઈ નથી આપી શકતાં. હમણાં બાપ આવ્યાં છે બધાંને સદ્ગતિ આપવાં, અને અપાવે પણ છે બાળકો દ્વારા કારણ કે કરનકરાવનહાર છે ને. તો એવાં બાપની શ્રીમત પર જરુર ચાલવું પડે. બાપ કહે છે જે કરશે અને જેટલી સર્વિસ કરશે - એ જ ૨૧ જન્મો માટે ઊંચ પદ પ્રાલબ્ધ મેળવશે. પરંતુ તકદીર માં નથી તો કાંઈ કરતાં નથી. છે ખૂબ સહજ. દિવસે-દિવસે ખૂબ સારા-સારા પોઈન્ટસ આપતા રહે છે, અને બાપ કહે છે જેટલી ઝોલી ભરવી હોય તેટલી ભરી લો. આ ખબર પણ પોતાને પડી શકે છે કે અમે પોતાની ઝોલી સારી રીતે ભરી રહ્યાં છીએ કે ક્યાંક સમય વેસ્ટ કરીએ છીએ. ભક્તિમાં તો ખૂબ સમય વેસ્ટ કર્યો, એનર્જી (શક્તિ) વેસ્ટ કરી, પૈસા પણ બરબાદ કર્યા તો મહેનત પણ બરબાદ કરી. જુઓ કેટલી મહેનત કરે છે. જપ, તપ, દાન, તીર્થ વગેરે કેટલું કરે છે. હવે આ જે કાંઈ થયું ડ્રામા અનુસાર. હમણાં તો છે પુરુષાર્થ ની વાત. જે વીતી ગયું એનું તો કાંઈ થવાનું નથી. પછી પોતાનાં સમય પર રિપીટ થશે. હવે બાપ કહે છે શ્રીમત પર ચાલો. પોતાનો સમય અહીંયા-ત્યાં બરબાદ નહીં કરો. સમય ને આબાદ કરો - બાપ ની યાદમાં. ઘણાં બાળકો છે જે બાપની વાતો ને એક કાન થી સાંભળીને બીજા થી કાઢી દે છે. જે સારી રીતે ધારણ કરશે તે પછી બીજાઓની પણ જરુર સર્વિસ કરશે. પોતાનો સમય ક્યાંય પણ બરબાદ નહીં કરશે. ઘણાં બાળકો છે જે આખો દિવસ બહારમુખી રહે છે. બાળકોએ પુરુષાર્થ કરી અંતર્મુખી બનવાનું છે. અંદર આત્મા છે ને. આ નિશ્ચય કરવાનો છે કે આપણને આત્માઓને બાપ સમજાવી રહ્યાં છે કે

બાળકો તમારે આત્મ-અભિમાની થઈને રહેવાનું છે, સાચ્ચા-સાચ્ચા અંતર્મુખ આને કહેવાય છે. આપણી અંતર્મુખ થવાની વાતો જ નિરાળી છે. અંદર જે આત્મા છે એણે બધુંજ બાપ થી જ સાંભળવાનું છે. બાપ પ્રેમ થી બાળકોને વારંવાર સમજાવે છે. માતા-પિતા અને બીજા પણ જે અનન્ય ભાઈ-બહેન છે, જે સારી સર્વિસ કરે છે, એમનાથી તમારે શિખવાનું છે. ભલે થોડા ઘણાં અવગુણ તો બધામાં હમણાં છે. ગાય પણ છે કે મુજ નિર્ગુણ હારે મેં..... હવે આપ બાળકોએ ગુણવાન બનવાનું છે. તે ત્યારે બની શકો છો જ્યારે બાપની સાથે બુદ્ધિયોગ હશે. માયા તો ખૂબ ભટકાવશે. બાળકો પડતા અને ચઢતા રહે છે. જે દેહ-અભિમાની રહે છે તે પડતા રહે છે. જે આત્મ-અભિમાની રહે છે તે પડતા નથી. એ બાપને અંજામ (વાયદો) કરે છે કે અમે આ કામ કરીને જ દેખાડીશું. પૂર્ણ પવિત્ર બનીને જ દેખાડીશું. અંદરમાં આ પાક્કો નિશ્ચય કરવો જોઈએ કે અમે બાપ પાસે થી પૂરેપૂરો વારસો લઈશું. ક્યાંય પણ ફાલતુ સમય નહીં ગુમાવીશું. બાળકોને શરીર નિર્વાહ પણ કરવાનો છે. ઘરબાર છોડવા તો હઠયોગી સંન્યાસીઓનું કામ છે. તમારે તો પોતાની રચનાની પણ પૂરી દેખ-રેખ કરવાની છે અને દિલમાં આ નિશ્ચય રાખવાનો છે કે આ આંખો થી અમે જે જોઈએ છીએ, તે બધું વિનાશ થઈ જવાનું છે. આમાં મમત્વ રાખવાથી જ પોતાનું નુકસાન કરશે. મમત્વ એક બાપ સાથે રાખવાનું છે. મુખ્ય વાત છે પવિત્રતા ની. આના પર પણ ખૂબ હંગામા (તોફાન) થાય છે. ક્રોધ પર એટલાં હંગામા નહીં થાય. બાપ કહે છે આ કામ વિકાર તો આ સમયે બધામાં પ્રવેશ છે. બધાં વિકારથી પેદા થાય છે. તમે સમજાવી શકો છો કે અમે ભ્રષ્ટાચારી ને શ્રેષ્ઠાચારી બનાવવામાં મદદ કરી રહ્યાં છીએ.

હવે આપ બાળકોએ આત્મ-અભિમાની બનવાનું છે. પતિત-પાવન બાપ ને યાદ કરવાનાં છે. બોલાવે પણ છે કે હે પતિત-પાવન આવો તો આવીને શું કરશે? જરુર પાવન બનાવશે. અહીં સ્નાન વગેરેની તો વાત નથી. બાપ કહે છે મામેકમ્ યાદ કરો બીજો કોઈ પણ ઉપાય નથી. યોગ અગ્નિ થી જ તમે પતિત થી પાવન બનશો. આયરન એજ (કળિયુગ) થી તમે ગોલ્ડન એજ (સતયુગ) માં જશો. આ એક જ ઉપાય છે, બીજો કોઈ ઉપાય જ નથી. બધી બીમારીઓની એક જ દવા છે, બાપ ની યાદ. આનાથી જ બધાં દુઃખ દૂર થઈ જશે. બાપની યાદ થી વારસો પણ યાદ આવશે. બાપ એટલે જ વારસો. લૌકિક બાપ ભલે કેટલો પણ ગરીબ હશે તો પાઈ-પૈસા, વાસણ વગેરે નો થોડો તો વારસો આપશે જરુર. તો તમારે પહેલાં બાપ ને પછી વારસા ને યાદ કરવાનો છે. બાપ કહે છે મનમનાભવ, મધ્યાજીભવ. બાપ તમને બધાં વેદો, શાસ્ત્રોનો સાર સમજાવે છે. બીજા કોઈ પણ આ સાર ને જાણતાં જ નથી. બાપ સીધું કહે છે બાળકો દેહ-અભિમાન ને છોડી દો. તમારે સમજાવવું જોઈએ કે આપણા આત્માઓ સાથે બાપ વાત કરી રહ્યાં છે. નિરાકાર બાપ નિરાકાર બાળકોને જ કહેશે કે આપ આત્માઓ કાન થી સાંભળો છો. તમે જ બધુંજ કરો છો. કોઈપણ હાલતમાં બાળકોએ દેહ-અભિમાની નથી બનવાનું. પોતાને આત્મા સમજી બાપને યાદ કરો. સર્વિસ પણ કરો કારણ કે દેહ થી જ બધું કામ થાય છે. એ તો કરવું જ પડે. કોઈ-કોઈ થોડા સમય માટે અનકોન્શિયસ, બેહોશ પણ થઈ જાય છે. પરંતુ તે કોઈ જ્ઞાનની વાત નથી. અહીં તો બાપ ને યાદ કરવાની જ મહેનત કરવાની છે, જેમાં જ માયા નાં ખૂબ વિઘ્ન પડે છે. તમે જાણો છો આપણે બાપની ગોદ લીધી (બાપ નો ખોળો લીધો) છે તો બાપને જરુર યાદ કરવાં પડે. ભોગ બનાવો છો તો પણ શિવબાબા ને યાદ કરવાનાં છે. પહેલાં ભોગ બનાવતા હતાં તો કૃષ્ણ ને, રામ ને, ગુરુનાનક ને યાદ કરતા હતાં. ગુરુવાણી વાંચતા હતાં. યાદમાં બનાવશો ત્યારે તે શુદ્ધ થશે. પછી પ્રેક્ટિસ (અભ્યાસ) પડી જાય છે. અહીં પણ બાપની યાદની પ્રેક્ટિસ પડી જવી જોઈએ. જેટલું થઈ શકે ભોગ અથવા ભોજન બનાવતી વખતે બાબાને યાદ જરુર

કરવાનાં છે, ખૂબ-ખૂબ જરુરી છે. પરંતુ બાળકો યાદ કરતા નથી. ભંડારા માં એક-બીજાને યાદ કરાવવું જોઈએ કે બાબાને યાદ કરી ભોજન બનાવો. એવું કરતા-કરતા પાક્કા થઈ જશો. જેમને અભ્યાસ નહીં હોય, તેઓ તો ક્યારેય યાદ કરશે નહીં. બ્રહ્મા-ભોજન ની ખૂબ મહિમા છે તો જરુર કાંઈક હશે ને. દેવતાઓ પણ ઈચ્છા રાખે છે બ્રહ્મા-ભોજન ની. તો યાદ માં રહી ભોજન બનાવવાથી પોતાનું પણ કલ્યાણ થાય છે તો આવવા વાળાનું પણ કલ્યાણ થાય છે. યાદમાં રહેવાથી બુદ્ધિમાં આવી જાય છે કે અમે શિવબાબા પાસે થી વારસો લઈ રહ્યાં છીએ. પરંતુ બાળકો યાદ કરતાં નથી, આ કચાશ છે. આગળ ચાલીને એવાં બાળકો નીકળશે જે બાપની યાદમાં એકદમ મસ્ત થઈ જશે. યાદમાં જ ભોજન વગેરે બનાવશે. જેવી રીતે શરાબ (દારુ) નો નશો ચઢી જાય છે. આપ બાળકોને પછી આ રુહાની બાપ ની યાદનો નશો રહેવો જોઈએ, આનાથી ખૂબ ફાયદો છે. સાજન ને અથવા બાપ ને યાદ કરવાનાં છે, અતિ મીઠાં બાપ છે. એમનાં જેવું મીઠું કોઈ હોતું નથી. બહારવાળા તો આ વાતોને જાણતાં જ નથી. દેવી-દેવતા ધર્મ વાળા જ સમજી શકે છે. ત્વમેવ માતા ચ પિતા... આ નિરાકાર બાપની મહિમા છે. જરુર બાપે એટલું ઊંચુ કર્તવ્ય કર્યુ છે ત્યારે પછી ભક્તિમાર્ગ માં આપણે એમની આટલી મહિમા કરીએ છીએ.

હવે બાપ કહે છે - મીઠાં બાળકો બીજી બધી તરફથી બુદ્ધિયોગ હટાવો. આખી દુનિયાથી, પોતાનાં દેહ થી પણ બુદ્ધિનો યોગ હટાવી મામેકમ્ યાદ કરો તો તમારો બેડો પાર થઈ જશે. ખૂબ સસ્તો સોદો છે પરંતુ લેવાવાળા નંબરવાર છે. આ પણ ડ્રામા બનેલો છે. બાબા કેટલું સારી રીતે સમજાવે છે. સાંભળે પણ છે, કોઈ તો સારી રીતે ધારણ કરે છે, કોઈ તો એક કાન થી સાંભળી બીજાથી કાઢી દે છે. અહીં સન્મુખ સાંભળવાથી બાળકો રિફ્રેશ થાય છે પછી બહાર જવાથી ભૂલી જાય છે. કાંઈ પણ યાદ નથી રહેતું. કોઈ તો સારી રીતે રિપીટ પણ કરશે. જે બાબાએ સમજાવ્યું છે એ પ્રેક્ટિકલ માં કરશે. સવારે ઉઠીને તમે બાબાની યાદમાં ભોજન બનાવશો તો ભોજન માં તાકાત રહેશે. આટલો આપ બાળકોને નશો રહેવો જોઈએ - આખાં મનુષ્ય કુળનો ઉદ્ધાર કરવાનો છે. મનુષ્ય કુળની જ વાત છે. એવું નહીં જાનવર વગેરેનો ઉદ્ધાર કરશે. એનો ડ્રામા માં પાર્ટ જ આ છે. જેવાં મનુષ્ય તેવું ફર્નિચર. સતયુગ માં કીચડ-પટ્ટી હોતી નથી. તમારા માટે કેટલો વૈભવ છે. ત્યાં પક્ષી જાનવર વગેરે બધાં રોયલ હોય છે. જેવાં મનુષ્ય તેવી એમની સામગ્રી હોય છે. ગરીબની સામગ્રી શું હશે? સાહૂકાર ની સામગ્રી કેટલી રોયલ હશે. આપ બાળકો જાણો છો બાબા આપણને ખૂબ ઊંચી કમાણી કરાવી રહ્યાં છે. પછી જેટલું જે કરે ભણતર એક જ છે. પદ દરેક નંબરવાર મેળવે છે. રાજા-રાણી, પ્રજા, સાહૂકાર નાં નોકર ચાકર, ગરીબ નાં નોકર-ચાકર બધાં હોય છે. બુદ્ધિમાં છે કે અમે પોતાની રાજધાની યોગબળ થી સ્થાપન કરી રહ્યાં છીએ. હથિયારો વગેરેની આ વાત નથી. આ છે હમણાની વાત. યોગબળ થી તમે રાજાઈ મેળવો છો. આ સમયે તમે બ્રાહ્મણીઓ (શક્તિઓ) છો. સતયુગ માં દેવીઓને હથિયાર વગેરે હોઈ ન શકે. આ છે હમણાંની વાત - જ્ઞાન તલવાર, જ્ઞાન ખડગ. પછી એ બધું સ્થૂળ રુપમાં લઈ ગયાં છે. હવે તમારી સૂરત (ચહેરો) અને સીરત (ચરિત્ર) બંને બદલાય છે. કાળા થી ગોરા બનો છો. સર્વગુણ સંપન્ન અને ૧૬ કળા સંપૂર્ણ બનો છો, જેટલો જે પુરુષાર્થ કરશે, આમાં ખોટું તો ચાલી ન શકે. જો અંદર કાંઈક કાળું ભરેલું હશે તો બહાર પણ કાળું જ દેખાશે.

બાબા કહે છે - બાળકો તમે એવાં મીઠાં બનો જે બધાં સમજે કે આને બનાવવા વાળા કોણ છે. તમારી બુદ્ધિમાં આખી સૃષ્ટિનાં આદિ-મધ્ય-અંતનું જ્ઞાન છે. આ ચક્રને જાણવાથી જ તમે ચક્રવર્તી રાજા બની જશો. બોર્ડ લગાવી દો કે રચયિતા છે બાપ, એ જ બધું જ્ઞાન આપે છે. તમે છો બ્રાહ્મણ. તમારી જાત જ ન્યારી છે. આપ

બ્રહ્મા મુખ વંશાવલી બ્રાહ્મણો ને જ બાપ જ્ઞાન સંભળાવી રહ્યાં છે. તો શિવાબાબા ની સાથે તમારો કેટલો પ્રેમ હોવો જોઈએ. પરંતુ સારા-સારા ફર્સ્ટક્લાસ બાળકો યોગ માં ફેલ (નાપાસ) થઈ જાય છે. જ્ઞાન તો ખૂબ સહજ છે. મોરલી પણ સારી ચલાવે છે પરંતુ યોગમાં મહેનત છે. યાદ થી વિકર્મ વિનાશ કરવાં - આ મહેનત છે. બસ આમાં બહું ફેલ થાય છે. ભગવાનુવાચ તમને મનુષ્ય થી દેવતા, પતિત થી પાવન બનાવવા આવ્યો છું. જ્ઞાન થી જ સદ્દગતિ થાય છે, તો જ્ઞાન સાગરે જરુર જ્ઞાન આપવું પડે. બાકી પાણી નો સાગર તથા નદીઓ થોડી પાવન બનાવી શકે છે. હમણાં આપ બાળકો સમજો છો અમે પોતાનાં માટે રાજધાની સ્થાપન કરી રહ્યાં છીએ. આત્મ-અભિમાની બની રહ્યાં છીએ. આપણે બાબા પાસેથી જ્ઞાનનો વારસો લઈને વિશ્વનાં માલિક બની જઈશું. ક્યાં એમની બુદ્ધિ, ક્યાં તમારી બુદ્ધિ. તેઓ બધાં વિનાશ માટે કામ કરે છે, તમે સ્થાપના માટે કરો છો. આ વાતો ભૂલવી ન જોઈએ. પરંતુ જેમની તકદીર માં નથી તો ધારણા કરતાં જ નથી. પુરુષાર્થ કરવો જોઈએ - ઊંચ પદ મેળવવા માટે. અમે પાસ થઈને ઊંચ નંબર લઈએ. ઈચ્છે તો છે પરંતુ મહેનત નથી પહોંચતી. આ છે બેહદનું ભણતર, બાપ તો વિશ્વની બાદશાહી આપે છે ને. વન્ડર છે ને. ખૂબ પ્રેમ થી સમજાવે છે. બાળકો, મને યાદ કરો, હડ્ડી (જીગરી) યાદ કરવાનાં છે. બાપ ફરીથી આવેલાં છે. આપણે જરુર બાપની મત પર ચાલીને પૂરો વારસો લઈશું. બાબા અમે તમને જાણી ગયાં છીએ. બાબા ને જોયા પણ નથી, ઘરે બેઠાં પણ ટચિંગ થઈ જાય છે. કોઈને થોડું સાંભળવાથી પણ નશો ચઢી જાય છે. તકદીર પણ સાથ આપે છે. કોઈ પછી સંગદોષ માં આવીને ભણતર છોડી દે છે. રાવણ મતવાળા અલગ છે, ઈશ્વરીય મતવાળા અલગ છે. આપ બાળકો જાણો છો - કેવી રીતે રાજાઈ સ્થાપન થઈ રહી છે યોગબળ થી. બાહુબળ અનેક પ્રકારનાં છે. યોગબળ એક જ પ્રકારનું છે. અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રતિ માત-પિતા બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકોને નમસ્તે.

**ધારણા માટે મુખ્ય સારઃ-**

1) અંતર્મુખી બની એક બાપ થી જ સાંભળવાનું છે. એક બાપની સાથે બુદ્ધિયોગ રાખી ગુણવાન બનવાનું છે. બહારમુખતા માં નથી આવવાનું.

2) રુહાની બાપની યાદ નાં નશામાં રહી ભોજન બનાવવાનું તથા ખાવાનું છે. પાક્કા યોગી બનવાનું છે.

**વરદાન :- સ્વરાજ્ય ની સ્મૃતિ દ્વારા તોફાનો ને તોહફા બનાવવા વાળા અખંડ સુખ-શાંતિ સંપન્ન ભવ**

અખંડ સુખ-શાંતિમય, સંપન્ન જીવન નો અનુભવ કરવા માટે સ્વરાજ્ય અધિકારી બનો. સ્વરાજ્ય અધિકારી માટે તોફાન અનુભવી બનાવવા વાળું ઉડતી કળાનો તોહફા (સૌગાત) બની જાય છે. એમને સાધન, સેલવેશન અથવા પ્રશંસા નાં આધાર પર સુખની અનુભૂતિ નથી થતી પરંતુ પરમાત્મ પ્રાપ્તિ નાં આધાર પર અખંડ સુખ-શાંતિ નો અનુભવ કરે છે. કોઈપણ પ્રકારની અશાંત કરવાવાળી પરિસ્થિતિઓ એમની અખંડ શાંતિ ને ખંડિત નથી કરી શકતી.

**સ્લોગન :-** સદા ભરપૂરતા નો અનુભવ કરવો છે તો દુવાઓ આપો અને દુવાઓ લો.